ચરોતરમાં ભક્તિનો પૂર | ૩૫ ભજન મંડળીઓ , ૫૦ અખાડા અને તાલાલાના આદિવાસી નૃત્યો સાથે નીકળશે ભવ્ય શોભાયાત્રા નિકળશે

પેટલાદમાં ૧૦૦મી રથયાત્રાનું ભવ્યાતિભવ્ય આયોજન

અને મંદિરને ફૂલો- રોશનીથી ઝગમગાટ કરાયો

(પ્રતિનિધિ) પેટલાદ તા.૧૧

ઐતિહાસિક પેટલાદ નગરમાં આગામી તા.16 ના રોજ 100મી રથયાત્રાનું પ્રસ્થાન થનાર છે. જેની ભવ્યાતિ ભવ્ય ઉજવણી માટે તડામાર તૈયારી અંતિમ તબક્કામાં છે. આ વખતે રથયાત્રાના શતક નિમીત્તે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત પ્રતિ વર્ષ મુજબ નિયત રૂટ ઉપરથી રથયાત્રા પસાર થશે. આ યાત્રા દરમ્યાન રથ અને પાલખીમાં બિરાજમાન ભગવાન રણછોડરાય, બલરામ, શુભદ્રા અને લાલજી નગરચર્યા સાથે હજારો ભક્તોને દર્શન આપશે.

સમગ્ર રાજ્યમાં અમદાવાદ, ભાવનગર બાદ પેટલાદની રથયાત્રા મહત્વની ગણાય છે. તેમાંય ચરોતરમાં ભગવાન રણછોડરાયના પૌરાણિક અને પ્રસિદ્ધ મંદિર ડાકોર અને પેટલાદ ખાતે આવેલ છે. પેટલાદ ખાતે પરંપરાગત સો વર્ષથી રથયાત્રાની ઉજવણી કરવામાં આવે છે. આ તહેવાર નિમીત્તે ભવ્ય શોભાયાત્રા શહેરના રાજમાર્ગો ઉપરથી પસાર થાય છે. પેટલાદના આ પ્રસિદ્ધ રણછોડરાય મંદિરથી પ્રતિવર્ષ નીકળતી રથયાત્રને શતક વર્ષ થતું હોવાથી આ વખતે ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ માટે છેલ્લા બે મહિનાથી તડામાર તૈયારી ચાલી રહી છે.

મળતી માહિતી મુજબ શતક વર્ષની ઉજવણી નિમીત્તે મંદિરને રોશનીથી ઝગમગાટ અને ફુલોથી શણગાર કરવામાં આવશે. દર વર્ષની જેમ આ વખતે પણ નિયત રૂટ મુજબ મંદિરથી બપોરે એક કલાકે રથયાત્રા પ્રસ્થાન થશે. જેને રાજ્ય કક્ષા મંત્રી કમલેશભાઈ પટેલ, સાંસદ, મિતેશભાઈ પટેલ, જીલ્લા કલેક્ટર, જીલ્લા પોલીસ અધિક્ષક સહિત મહાનુભાવો રથયાત્રાનું પ્રસ્થાન કરાવશે. જેમાં શહેર, તાલુકા અને ભાલ વિસ્તારની 35 જેટલી ભજન મંડળીઓ જોડાનાર છે. ઉપરાંત 50 જેટલા યુવાનોના અખાડા, 10 ઘોડા, 2 બેન્ડ, 5 ડીજે પણ

તસવીરઃ વિનાયક આણંદજીવાલા

આ વખતની રથયાત્રામાં સામેલ હશે.

આ શોભાયાત્રામાં ભગવાન કૃષ્ણ, બલરામ, સુભદ્રા બગીમાં બિરાજમાન થઈ નગરજનોને દર્શન આપશે. જ્યારે લાલજી ભગવાન પાલખીમાં બેસી સમગ્ર રૂટ દરમ્યાન લોકોની નજીક જઈ દર્શનનો લાભ આપશે. શતક વર્ષની ઉજવણી નિમીત્તે રથયાત્રાના સમગ્ર રૂટ દરમ્યાન લોકોને મગ, કાકડી, જાંબુ, કેરીનો પ્રસાદ વિતરણ કરવામાં આવશે. રથયાત્રા સાંજે લગભગ પાંચ વાગ્યાના સુમારે કાલકાગેટ પાસે આવેલ નરસિંહજી મંદિર ખાતે પહોંચશે. જ્યાં રણછોડરાય મંદિરના મહંત દ્વારા આરતી કરવામાં આવશે. ત્યારબાદ યાત્રા રૂટ મુજબ રથયાત્રા આગળ વધશે. આ યાત્રા દરમ્યાન શહેરમાં ઠેરઠેર ઠંડા પાણી, શરબત, છાશ, નાસ્તા વગેરેનું પણ આયોજન વિવિધ મંડળો દ્વારા કરવામાં આવ્યું છે. પેટલાદની આ ભવ્ય રથયાત્રા સાંજે લગભગ 7 કલાકે મંદિર પરત ફરશે. જ્યાં આશરે પાંચ હજાર ભક્તજનો પ્રસાદીનો લાભ લેશે.

શતક વર્ષની વિશેષ ઉજવણી નિમિત્તે ૧૦૦ ફૂટ ઊંચા પોલ પર ધ્વજારોહણ

પેટલાદના સુપ્રસિદ્ધ રણછોડરાય મંદિરથી પરંપરાગત રથયાત્રા નીકળે છે. જેને આ વર્ષે સો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. જેથી અહીંયા ભવ્યાતિ ભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. જેના ભાગ રૂપે ગતરોજ મંદિર ખાતે સો ફુટ ઉંચા પોલ ઉપર ભવ્ય ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. જેમાં નગર પાલિકાના ચીફ ઓફીસર, કાઉન્સિલરો, ભાજપ સંગઠનના હોદ્દેદારો, રથયાત્રા કમિટીના સભ્યો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

૧૫મીએ ભવ્ય મોસાળું યોજાશે

પ્રતિવર્ષ મુજબ આ વખતે શતક વર્ષની રથયાત્રા પૂર્વે તા.15 જુલાઈના રોજ ભવ્ય મોસાળાનું આયોજન કરવામાં આવ્યું છે. જે રાધે ડ્રીમ બંગ્લોઝ સ્થિત અમિતભાઈ પટેલને ત્યાંથી બેન્ડ તથા ઢોલ નગારા સાથે બપોરે ત્રણ કલાકે મોસાળું પ્રસ્થાન થશે. પેટલાદના એ બી પટેલ પરિવાર તરફથી મોસાળામાં ભગવાનને સોનાની તુલસી માળા, ચાંદીની પાવડીઓની જોડ, ચાંદીની ગાય જેવી વસ્તુઓ આપવામાં આવનાર છે. ઉપરાંત શહેરના તમામ મંદિરોમાં સેવા આપતા બ્રાહ્મણોને ધોતીયાં તથા બહેનોને સાડીઓ પણ આપવામાં આવનાર છે. આ 100મી રથયાત્રા નિમીત્તે નીકળનાર ભવ્ય મોસાળું શહેરના મુખ્ય રાજમાર્ગ ઉપરથી પસાર થઈ સાંજે 7 કલાકે રણછોડજી મંદિરે પહોંચશે. જ્યાં મોસાળાના દાતાર કુસુમ ફાઉન્ડેશનના અમિતભાઈ પટેલ દ્વારા સાંજે પ્રસાદિનું પણ આયોજન કરવામાં આવેલ છે.

લાલજી ભગવાનની એક હજાર સ્થળોએ પધરામણી

પેટલાદમાં રથયાત્રા પૂર્વે દર વર્ષે લાલજી ભગવાનની અનેક સ્થળોએ પધરામણી કરવામાં આવે છે. જેના થકી હજારો ભક્તો દર્શનનો લાભ મેળવે છે. આ વખતે શતક વર્ષની ઉજવણી નિમીત્તે એક મહિના અગાઉ ગત તા.15 જુનથી લાલજી ભગવાનની પધરામણી શરૂ થઈ છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં લગભગ એક હજાર સ્થળોએ લાલજી ભગવાનની પધરામણી કરવામાં આવી છે. જે કોઈએ પોતાના રહેણાંક કે વ્યવસાયિક સ્થળે લાલજીની પધરામણી કરી હોય ત્યાં પૂજા, આરતી કરી પ્રસાદ વહેંચવામાં આવે છે.

રથયાત્રામાં ઓપરેશન સિંદૂરની ઝલક રજુ કરાશે

પેટલાદની શતકમી રથયાત્રા નિમીત્તે અનેક વિશેષ આકર્ષણો પૈકી મુખ્યત્વે ઓપરેશન સિંદૂરની ઝલક રજુ થનાર છે. ઉપરાંત ભારતની આઝાદી અપાવવામાં જે લડવૈયાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓ, મહાપુરૂષોએ બલિદાન આપ્યાં હતાં તેઓ વિષેનો કાર્યક્રમ પણ રથયાત્રા દરમ્યાન રજુ થનાર છે. આ વખતે શિવજી, રાધા-કૃષ્ણ, હનુમાનજી, અઘોરી બાબા વગેરે જેવા વેશભૂષા શોભાયાત્રામાં સામેલ હશે. ઉપરાંત તાલાલાના જંગલોમાં રહેતા આદિવાસીઓની ટીમલી ટીમ દ્વારા વિવિધ નૃત્ય પણ રથયાત્રાનું આગવું આકર્ષણ હશે.

નડિયાદ શહેરમાં ગ્લુ ટ્રેપ વેચતો દુકાનદાર પકડાયો

સ્ટેશન રોડ પર મોના એગ્રો કેમિકલ્સમાંથી 70 નંગ કબજે કરાયું

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

નડિયાદ શહેરના સ્ટેશન રોડ પર આવેલી એક એગ્રો કેમિકલ્સની દુકાનમાં ઉંદર પકડવા માટે વપરાતી અને પ્રતિબંધિત એવી ગ્લુ ટ્રેપનું વેચાણ થતું હોવાની બાતમીના આધારે નડિયાદ ટાઉન પોલીસે દરોડો પાડ્યો હતો.

ગુજરાત હાઈકોર્ટ અને પ્રાણી કલ્યાણ બોર્ડની કડક માર્ગદર્શિકા અનુસાર મૂંગા પ્રાણીઓ પર થતા અત્યાચાર રોકવા માટે ગ્લુ ટ્રેપ પર સમગ્ર રાજ્યમાં પ્રતિબંધ મુકાયેલો છે. આ અંતર્ગત ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો કડક અમલ કરાવવા માટે નડિયાદ ટાઉન પોલીસે પશુ ચિકિત્સા અધિકારી અને પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના સભ્યોને સાથે રાખી તપાસ હાથ ધરી હતી.

આ તપાસ દરમિયાન સ્ટેશન રોડ પર આવેલી 'મોના એગ્રો કેમિકલ્સ' નામની દુકાનમાંથી પ્રતિબંધિત ગ્લુ ટ્રેપના કુલ 7 બોક્સ (70 નંગ) મળી આવ્યા હતા. પોલીસે આ જથ્થો કબજે કરી દુકાનદાર પરાગકુમાર પંડ્યા વિરુદ્ધ જાહેરનામાના ભંગનો ગુનો નોંધ્યો છે. પોલીસની આ ઓચિંતી કાર્યવાહીને પગલે ગેરકાયદેસર વેચાણ કરતા તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

ઘાતકી હત્યા | કોઈ અજાણ્યા હુમલાખોરે આધેડના મોઢાના ભાગે કોટાસ્ટોનનો ભારે પથ્થર ઝીંક્યા

આણંદ શહેરમાં આધેડના મોઢા પર પથ્થરના ઝીંકી મોતને ઘાટ ઉતારાયા

કપાસિયા બજારમાં પ્લમ્બિંગનું કામ કરતા આધેડની લોહીલુહાણ હાલતમાં મૃતદેહ મળ્યો

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદના અત્યંત વ્યસ્ત ગણાતા કપાસિયા બજાર વિસ્તારમાં શનિવારે સવારે એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં એક આધેડની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવતા સમગ્ર પંથકમાં સનસનાટી મચી ગઈ છે. કોઈ અજાણ્યા હુમલાખોરે આધેડના મોઢાના ભાગે કોટાસ્ટોનનો ભારે પથ્થર ઝીંકીને તેમની કરપીણ હત્યા નિપજાવી છે. આણંદ ટાઉન પોલીસે આ મામલે હત્યાનો ગુનો નોંધી હત્યારાને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, મૃતકની ઓળખ ઓમપ્રકાશ દયાશંકર ચૌહાણ (ઉંમર વર્ષ ૫૫, રહે. રબારીવાસ, આણંદ) તરીકે થઈ છે. મૃતક વ્યવસાયે પ્લમ્બિંગનું કામ કરતા હતા. મળતી માહિતી મુજબ, ઓમપ્રકાશ અવારનવાર ઘરેથી કહ્યાં વગર નીકળી જતા હતા અને થોડા સમય બાદ પરત ફરતા હતા. ગત શુક્રવારે સાંજે પણ તેઓ આ જ રીતે ઘરેથી નીકળ્યા હતા, પરંતુ શનિવારે સવારે તેમનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ ઘટના કપાસિયા બજાર ત્રણ રસ્તા પાસે આવેલા દ્વારકેશ પ્રોવિઝન સ્ટોરની સામે બની હતી. બંધ દુકાનોના પગથિયાં નજીકથી ઓમપ્રકાશનો શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. લાશની બિલકુલ બાજુમાં એક લોહીવાળો કોટાસ્ટોનનો પથ્થર પણ મળી આવ્યો છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે હુમલાખોરે પથ્થરના ઘા ઝીંકીને નિર્મમ રીતે જીવ લીધો છે. આ ઘટનાની જાણ થતાં જ આણંદ ટાઉન પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. મૃતકના પુત્ર અલ્પેશ ચૌહાણની ફરિયાદના આધારે પોલીસે અજાણ્યા હત્યારા વિરુદ્ધ કાયદેસરનો ગુનો દાખલ કર્યો છે. હાલમાં પોલીસ સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે હત્યારા સુધી પહોંચવા માટે તપાસ ચલાવી રહી છે.

બોરસદ : વાલવોડ ગામમાં પશુની બલી ચડાવતા રોષ

વિડિયો ઉતારનાર ટ્રસ્ટીને 'પોલીસ મારા ખિસ્સામાં છે' કહી ધમકી આપી

(પ્રતિનિધિ) બોરસદ તા.૧૧

બોરસદના વાલવોડ ગામના જૈન દેરાસરના મેનેજિંગ ટ્રસ્ટી અતુલકુમાર જીવનલાલ શાહે નોંધાવેલી ફરિયાદ અનુસાર, તેઓ જ્યારે મહીસાગર નદીના કિનારેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કેટલાક શખ્સો જાહેરમાં બકરાની બલી ચઢાવી રહ્યાં હતાં. આ કૃત્યથી પર્યાવરણ અને નદીનું પાણી પ્રદૂષિત થતું હોવા ઉપરાંત ધાર્મિક લાગણી દુભાતી હોવાથી તેમણે આ સમગ્ર ઘટનાનું વિડિયો રેકોર્ડિંગ કર્યું હતું.

પોતાનું પાપ છતું થતા ઉશ્કેરાયેલા સ્થાનિક ઈસમ સુરેશ કાંતિભાઈ તળપદાએ ટ્રસ્ટીને ફોન કરી અત્યંત બિભત્સ ગાળો આપી હતી. આ ઈસમે 'હું કાયદો અને પોલીસ ખિસ્સામાં લઈને ફરું છું' તેવી શેખી મારી ધાક-ધમકી આપી હતી.

આ મામલે ભાદરણ પોલીસે વિરસદ ગામના બલી આપનાર અજાણ્યા શખ્સો અને ધમકી આપનાર સ્થાનિક ઈસમ વિરૂદ્ધ પશુ ક્રૂરતા અધિનિયમ અને BNSS ની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. જાહેરમાં પશુઓની હત્યા કરી નદીના પાણીને પ્રદૂષિત કરવા અને ધાર્મિક શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનાર તત્વો સામે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ચલાલીમાં જમીન ખેડવા મુદ્દે બે જૂથો વચ્ચે સશસ્ત્ર ધીંગાણું

શક્તિનગરમાં લાકડીઓ-પાઇપો ઉછળ્યા, અનેક લોકોને ગંભીર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

નડિયાદ તાલુકાના ચલાલી ગામના શક્તિનગર વિસ્તારમાં જમીન ખેડવાની જૂની અદાવતે હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું. મોડી રાત્રે બે જૂથો વચ્ચે થયેલી ભયંકર અથડામણમાં લોખંડની પાઈપો અને લાકડીઓ વડે હુમલો કરવામાં આવતા બંને પક્ષના અનેક લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. આ મામલે ચકલાસી પોલીસે બંને પક્ષના કુલ ૧૯ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

ચલાલીના મુકેશ મોહન તળપદાએ નોંધાવેલી ફરિયાદ અનુસાર, ગત ૯મી જુલાઈના રોજ રાત્રિના સમયે જમીનની અદાવત રાખી વાસુદેવ સામંત તળપદા અને તેના ટોળાએ ઉમેદ તળપદાના ઘરે હુમલો કર્યો હતો. હુમલાખોરોએ લાકડાના ડંડા અને પાઈપો વડે ઉમેદ, ગોવિંદ અને આનંદી સહિતના લોકોને ગંભીર ઈજાઓ પહોંચાડી હતી તથા ઘર પાસે પાર્ક કરેલા ટ્રેક્ટર, રીક્ષા અને બાઈકમાં તોડફોડ કરી હતી. પોલીસે આ પક્ષની ફરિયાદ મુજબ ૧૩ લોકો સામે ગુનો નોંધ્યો છે.

સામા પક્ષે જયેશ સામંત તળપદાએ વળતી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓએ રમેશ તળપદાની જમીન ૧૦ વર્ષથી ગીરો રાખી વાવેતર કરે છે, જે ખેડવા બાબતે ઉમેદ તળપદાએ તકરાર કરી હતી. આ વિવાદનો ઉકેલ લાવવા ગયેલા વાસુદેવ પર સામા પક્ષે હુમલો કરી માથામાં પાઈપો ફટકારી હતી અને તેમની બોલેરો પીકઅપ ગાડીમાં તોડફોડ કરી હતી. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા વાસુદેવને વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને ૧૦૮ મારફતે હોસ્પિટલ પહોંચાડાયા હતા. આ લોહિયાળ સંઘર્ષને પગલે ગામમાં ભારે તંગદિલી ફેલાઈ છે. ઘટનાસ્થળે દોડી ગયેલી ચકલાસી પોલીસે વ્યવસ્થા જાળવવા સઘન તપાસ શરૂ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

કપડવંજ પાસે કતલખાને ધકેલાતા ગૌવંશ બચાવ્યાં

રેલીયા ચેકપોસ્ટ પાસે રોકેલી ગાડીમાં ગૌવંશી ક્રૂરતાપૂર્વક બાંધેલા હતાં

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧૧

ખેડા જિલ્લાના કપડવંજ રૂરલ પોલીસ સ્ટેશનના જવાનો ગત ૧૦ જુલાઈના રોજ પેટ્રોલિંગમાં હતા ત્યારે તેમને બાતમી મળી હતી કે બાયડ તરફથી એક બોલેરો પીકઅપમાં પશુઓને ભરીને કપડવંજ તરફ લાવવામાં આવી રહ્યા છે. આ માહિતીના આધારે પોલીસે રેલીયા ચેકપોસ્ટ પાસે નાકાબંધી કરી વોચ ગોઠવી હતી.

પોલીસે તપાસ દરમિયાન પાયલોટિંગ કરી રહેલી મોટરસાઈકલ અને તેની પાછળ આવતી બોલેરો પીકઅપ ગાડીને કોર્ડન કરી હતી. ગાડીની તલાશી લેતા તેમાં એક ગાય અને બે બળદને ઘાસચારા કે પાણીની સગવડ વગર અત્યંત ઘાતકી રીતે બાંધેલા હાલતમાં મળી આવ્યા હતા. પકડાયેલા શખ્સોની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે તેઓ આ પશુઓને ભિલોડા નજીકથી લાવી કપડવંજના સમીર અને મોઈન કુરેશીને કતલ કરવા માટે આપવાના હતા. પોલીસે ઘટનાસ્થળેથી રોહિતસિંહ રાઠોડ, અજીતસિંહ ઝાલા, રમેશ ઝાલા અને પોપટ રાઠોડની ધરપકડ કરી છે. પોલીસે વાહનો, પશુઓ અને મોબાઈલ ફોન મળી કુલ ૪,૮૭,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

આણંદના ઔદ્યોગિક વસાહતમાં નવી ગટર-પાણીની લાઈન નંખાશે

આણંદ ઔદ્યોગિક વસાહત સહકારી મંડળ અને ગોપાલ ઇન્ડસ્ટ્રીયલ પાર્કની સાધારણ સભા સંપન્ન

(પ્રતિનિધિ) આણંદ તા.૧૧

આણંદ ઔદ્યોગિક વસાહત સહકારી મંડળ લિમિટેડ તથા ગોપાલ ઇન્ડસ્ટ્રીયલ પાર્કની ૫૬મી વાર્ષિક સાધારણ સભા સંસ્થાના ચેરમેન પ્રજ્ઞેશભાઈ એ. પટેલ (ભયલુભાઇ - એન્જિનિયર)ના અધ્યક્ષ સ્થાને ઉત્સાહભેર યોજાઈ હતી. આ સભામાં વસાહતના સર્વાંગી વિકાસ માટે વિવિધ માળખાગત સુવિધાઓ અને ભાવિ આયોજનો અંગે મહત્ત્વના

નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ સભા દરમિયાન અધ્યક્ષ પ્રજ્ઞેશભાઈ પટેલે મંડળના ઇતિહાસ પર પ્રકાશ પાડી આગામી સમયમાં ઇન્ડસ્ટ્રીયલ શેડ અને રેસીડેન્ટ યુનિટ વિકસાવવા, નવી જમીન ખરીદવા તેમજ નવી ગટર અને પાણીની લાઈનો નાખવા જેવી બાબતો રજૂ કરી હતી. આ વિકાસ કામો અને માંગણા બીલોમાં વધારાની દરખાસ્તને સભાસદોએ ચર્ચા-વિચારણાના અંતે બહાલી આપી હતી.

આ બેઠકમાં વાઈસ ચેરમેન શંકરલાલ એસ. મંડોરાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઈ પટેલના આણંદ અને આસપાસના લોકોને રોજગારી પૂરી પાડવાના સ્વપ્નને સાકાર કરવા સ્વ. ત્રિભુવનદાસ કે. પટેલે આ મંડળની સ્થાપના કરી હતી. આ સભામાં મેનેજર વિષ્ણુભાઈ પરમારે વાર્ષિક અહેવાલ રજૂ કર્યો હતો, જ્યારે વર્ષ ૨૦૨૫-૨૬ના હિસાબો અને ઓડિટરની નિમણૂકને સર્વ સંમતિથી મંજૂર કરવામાં આવી હતી. આ સભામાં સહમંત્રી વિરેશકુમાર ડી. ઠક્કર સહિત મોટી સંખ્યામાં સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

થર્મલ હાઇવે પર પીડાથી કણસતા ગાયના બચ્ચાને નવજીવન મળ્યું

અકસ્માતમાં પગ ભાંગી જતાં ટળવળતા અબોલ જીવની મોબાઈલ ક્લિનિક ટીમ વહારે આવી

(પ્રતિનિધિ) સેવાલિયા તા.૧૧

થર્મલ હાઈવે પર વાહન અકસ્માત બાદ અસહ્ય પીડા સાથે રસ્તાની બાજુમાં પડેલા એક નિસહાય ગાયના બચ્ચા માટે ટીમ્બા મુવાડાનું ફરતું પશુ દવાખાનું આશીર્વાદ સમાન સાબિત થયું છે. રાજ્ય સરકાર અને GVK EMRI દ્વારા સંચાલિત આ સેવાની સમયસૂચકતાને કારણે એક ગંભીર રીતે ઈજાગ્રસ્ત વાછરડાનો જીવ બચાવી શકાયો છે.

થર્મલ હાઈવે પર બનેલી એક દુર્ઘટનામાં ગાયના બચ્ચાને વાહન અકસ્માત નડતા તેના પાછળના જમણા પગનું હાડકું ભાંગી ગયું હતું. આ અબોલ જીવ ગંભીર ઈજા અને પીડાને કારણે રસ્તાની એક તરફ લાચાર હાલતમાં પડ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ ટીમ્બા મુવાડા ફરતા પશુ દવાખાનાના

પશુ ચિકિત્સક ડૉ. પીનલ પ્રજાપતિ અને પાયલોટ-ડ્રેસર હરેશભાઈ વાઘેલા ક્ષણનો પણ વિલંબ કર્યા વિના ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.

ટીમ દ્વારા સ્થળ પર જ બચ્ચાની ત્વરિત તપાસ કરવામાં આવી હતી. ભાંગી ગયેલા પગને નિષ્ણાત રીતે ગોઠવીને સ્પ્લિન્ટ અને પાટા વડે સ્થિર કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ચેપ ન લાગે અને દુખાવો ઓછો થાય તે માટે જરૂરી દવાઓ પણ આપવામાં આવી હતી. સમયસર મળેલી આ તબીબી સહાયના કારણે વાછરડાનો જીવ બચી ગયો છે.

પણસોરા ફરતું પશુ દવાખાનુ ટીમે વિનામૂલ્યે ભેંસના શિંગડાનું સફળ ઓપરેશન કર્યું

ઉમરેઠના પણસોરા ગામમાં એક પશુપાલક રાજુભાઈની એક ભેંસનું શિંગડું તૂટી ગયું હતું, જેના કારણે ભારે રક્તસ્ત્રાવ થતો હતો. પશુપાલક રાજુભાઈએ ૧૯૬૨ હેલ્પલાઇન પર કોલ કરીને ઇમરજન્સી કેસ નોંધાવ્યો હતો. કેસ મળતાની સાથે જ ફરતા પશુ દવાખાનાની ટીમ, જેમાં પશુચિકિત્સક ડૉ. જૈનિલ પટેલ તથા પાયલોટ-ડ્રેસર રોનકભાઈ સામેલ હતા, તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી.ટીમે ભેંસોની તપાસ કરી હતી. ડૉ. જૈનિલ પટેલ અને તેમના ડ્રેસર રોનકભાઈએ તૂટેલા શિંગડાની જરૂરી સારવાર કરી, રક્તસ્ત્રાવ બંધ કર્યો તેમજ એન્ટિબાયોટિક, પેઇનકિલર ઇન્જેક્શન અને જરૂરી ડ્રેસિંગ કરીને ભેંસને યોગ્ય સારવાર પૂરી પાડી હતી. બીજી ભેંસને પણ જરૂરી સારવાર આપવામાં આવી હતી. પશુપાલકે ૧૯૬૨ ફરતા પશુ દવાખાનાની ત્વરિત - નિ:શુલ્ક સેવાની પ્રશંસા વ્યક્ત કરી હતી.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૯૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225